નગર આયોજન અને મુલ્યાંકન ખાતુ
ગુજરાત રાજય, ગાંધીનગર
ચ-૩ સર્કલ, સેંટ ઝેવિયર્સ સ્કુલની સામે, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર -૩૮૨૦૧૦
ફોન: ૦૭૯-૨૩૨૫૪૪૫૦ ફેકસ: ૦૭૯-૨૩૨૫૪૧૪૧

ક્રમાંક: નરચો નં.૯૨(સીમાડા-કોસમાડા)/કલમ ૪૧(૧)/હદ પરામર્શ/ 4480 તા. 25/11/2022

પ્રતિ,
કમિશ્નરશ્રી
સુરત મહાનગરપાલિકા,
સુરત.

વિષય:- ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ,૧૯૭૬ ની કલમ ૪૧(૧) હેઠળ સુરત મહાનગરપાલિકામાં મોજે; સીમાડા, કોસમાડા વેસુ વિસ્તારની સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૯૨ (સીમાડા-કોસમાડા)બનાવવા અંગે યોજનાના હદ વિસ્તારને અનુમોદન આપવા બાબત.

સંદર્ભ:- કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકા, સુરતના તા.૧૫/૧૦/૨૦૨૨ ના પત્ર નં. ટીપીડી/આ/૩૧૨૫.

શ્રીમાન,

ઉપરોકત વિષયે આપશ્રી દ્વારા સંદર્ભ હેઠળના પત્રથી સુરત મહાનગરપાલિકા તથા સુડાના હદ વિસ્તારના મોજે;સીમાડા, કોસમાડા, જીલ્લો.સુરતમાં સુચિત નગર રચના યોજના નં.૯૨ (સીમાડા-કોસમાડા)ની હદ પરત્વે ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૧) હેઠળ હદ પરત્વે પરામર્શ મેળવવા દરખાસ્ત અત્રેને પાઠવેલ છે. જેને, નીચે જણાવેલ શરતોને આધીન હદ પરામર્શ આપવામાં આવે છે.

૧. સૂચિત મુ.ન.ર.યો ની લાગુમાં આવતી નગર રચના યોજનાની હદો સુસંગત થાય તે મુજબ ચકાસણી કરી હદ સૂચવવાની રહેશે અને હદ ફેર થતો હોય તો અત્રેનો પુન:પરામર્શ મેળવવાનો રહેશે.

૨. સામેલ ઈન્ડેક્ષ પ્લાનમાં ગામની હદ દર્શાવેલ નથી જે દર્શાવી ગામના નામ દર્શાવવાના રહેશે.

૩. મોજે;કોસમાડાનો અંદાજીત ૨૩.૬૪ હેકટર વિસ્તાર સુડાની હદમાં આવે છે. તેમ જણાવેલ છે જે અન્વયે તેટલા વિસ્તાર અન્વયે સુડા સાથે સંકલનમાં રહી કાર્યવાહી કરવાની રહેશે.

૪. સૂચિત નગર રચના યોજનામાં આવતાં હયાત તળાવ તેમજ જળપ્રવાહને યથાવત જાળવવાનાં રહેશે તેમજ તેનાં મૂળખંડમાં જ અંતિમખંડ ફાળવવાનો રહેશે .

૫. સૂચિત નગર રચના યોજનામાંથી પસાર થતાં વિકાસ યોજનાનાં રસ્તા તેમજ વર્ગીકૃત રસ્તાઓ યથાવત જાળવવાનાં રહેશે.

૬. સુચિત યોજનાને લાગુમાં આવેલ વિકાસ યોજનાનાં તેમજ નગર રચના યોજનાની રસ્તારેષાની અધિકૃત પુરાવાઓ સાથે ચોકસાઇ પુર્વક ચકાસણી કરી તેની સાતત્યતા જળવાઇ રહે તે મુજબ આયોજન કરવાનું રહેશે. તેમજ સદર યોજનામાં સમાવેશ થતા રે.સર્વે નંબરોનું રી-સર્વે થઇ પ્રમોલગેશન થયેલ હોયતો તે વિગત ધ્યાને લેવાની રહેશે.

૭. વિકાસ યોજનાનાં જે તે ઝોનમાં/જે તે ગામમાં સમાવિષ્ટ મૂળખંડ તે જ ઝોન/ગામમાં અંતિમખંડ ફાળવવાનો રહેશે .

૮. સૂચિત યોજના વિસ્તારમાં આવતી સરકારી જમીનોની ખાનગી જમીનોને જેમ સમાન ધોરણે કપાત કરી, તેની સામે સ્વતંત્ર અંતિમખંડની ફાળવણી બાબતે યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

૯. શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૨૮/૧૧/૨૦૧૬ ના પરિપત્ર ક્રમાંક: નરય-૧૦૨૦૧૬-૩૫૩૬(૨)-લ નું સુસ્ત પાલન કરવાનું રહેશે.

૧૦. સુડા વિસ્તારમાં આવતી જમીનોના અખરીખંડો "સુડા" વિસ્તારમાં તેમજ એસ.એમ.સી. વિસ્તારમાં આવતી જમીનોના આખરીખંડો એસ.એમ.સી. વિસ્તારમાં ફાળવવાના રહેશે. તેમજ સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવતા વિવિધ હેતુનાં અંતિમખંડોનું પ્રમાણ સુડા વિસ્તાર તથા એસ.એમ.સી. વિસ્તારમાં એકસરખુ જાળવવાનું રહેશે.

આ સાથે રજુ કરેલ નકશામાં સહી/સિક્કા કરી આપેલ છે.

**બિડાણ - ઉપર મુજબ**

મુખ્ય નગર નિયોજક
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**નકલ રવાના પ્રતિ**

નગર નિયોજકશ્રી, શાખા કચેરી, સુરત તરફે બિડાણ સહ જાણ સારૂ.